SYMBOL: LEXUS
ISIN: INE500X01013 Dated: 16.11.2024

**To,**
**The Manager-Listing Department**
**The National Stock Exchange of India Limited**
**Exchange Plaza, NSE Building, Bandra Kurla Complex,**
**Bandra East, Mumbai-400 051 (Maharashtra)**

Dear Sir,

**Sub: Newspaper Publication for extract of financial results for the half year ended September 30, 2024**

With reference to regulation 30 and 47 of SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015, please find enclosed the copy of newspaper publication in which the Unaudited Financial Results of the company for the half year ended September 30, 2024, have been published:

- Financial Express (English) dated November 16, 2024
- Phulchhab (Gujarati) dated November 16, 2024

This is for your information and record.

Thanking you,
Yours Faithfully,
**For Lexus Granito (India) Limited**

Anilkumar Babulal Detroja
Digitally signed by Anilkumar Babulal Detroja
Date: 2024.11.16 13:42:32 +05'30'

**Anilkumar Babulal Detroja**
**(Chairman cum Managing Director)**
**(DIN: 03078203)**

# પતિના અવસાન બાદ તેની જ જગ્યાએ પત્ની સેનામાં જોડાઇ

## અજાબની મહિલાનું અજબ મનોબળ: એકના એક દીકરાથી 11 મહિના અલગ રહીને લીધી હતી ટ્રેનિંગ



પેરા મીલીટરી ફોર્સમાં સામેલ થઈ અજાબની મહિલા. (મનિષ મહેતા)

કેશોદ તા.૧૫ : કેશોદ તાલુકાના અજાબ ગામમાં પોતાના માતા પિતા સાથે રહેતી કોમલબેન મક્કાના લગ્ન કેશોદ તાલુકાના જ કેરાળા ગામે રહેતા મહેશસિંહ મક્કા સાથે થયા હતાં. મહેશસિંહ મક્કા પેરા મીલ્ટરી ફોર્સમાં ફરજ બજાવતા હતા. પરંતુ બે વર્ષ પહેલા મહેશસિંહ મક્કાનું ચાલુ ફરજ દરમિયાન નિધન થતા પરિવાર પર આભ ફાટ્યું અને કોમલ મક્કા પોતાના પાંચ વર્ષના પુત્ર સાથે એકલા થઈ ગયા. હવે શું કરશે તે માટે તેઓ સતત વિચારતા હતા તે દરમિયાન પેરા મીલ્ટરી ફોર્સમાંથી મહેશસિંહ મકકાની જગ્યાએ તેમના પરિવારજનોમાંથી કોઈને નોકરી કરવી હોય તે માટેનો ઓફર લેટર આપવામાં આવ્યો, આ લેટર કોમલબેન મક્કા માટે આશીર્વાદરૂપ સાબિત થયો.

કોમલબેન મકકાએ પોતાના પતિ મહેશસિંહની જગ્યાએ પેરા મીલટરી ફોર્સમાં જવાનો નિર્ણય લીધો. તેમના સાસરિયાંઓ દ્વારા તેમને આ પગલું ભરતા અટકાવવામાં આવ્યા હતા, પરંતુ દ્રઢ અને મક્કમ મનોબળથી તેઓએ પેરા મીલટરી ફોર્સમાં જવાનો નિર્ણય લઈને પોતાના પાંચ વર્ષના દીકરાનું ભવિષ્ય સારું બને તે માટે ૧૧ મહિના સુધી સતત પોતાના એક્ના એક દીકરાથી અલગ રહીને ટ્રેનિંગ લીધી હતી.

ટ્રેનીંગમાં પણ ઘણી બધી મુશ્કેલીઓ પડી હતી,પરંતુ એક જ નિર્ધાર હતો કે પોતાના પતિ મહેશસિંહનું સ્વપ્ન પૂર્ણ કરવું. તેઓએ તનતોડ મહેનત કરી અને અંતે ગત તા. ૨૪ ઓક્ટોબરના રોજ ટ્રેનિંગ પૂરી કરી અને લખનૌમાં પોતાની ફરજ પર હાજર થઈ ગયા.

ઘર કામ કરતી મહિલા અને પેરા મિલ્ટરી ફોર્સમાં ફરજ બજાવતી મહિલા વચ્ચે ઘણો તફાવત છે.પરંતુ પોતાની આવડત,બુદ્ધિ અને દ્રઢ મનોબળથી કોમલબેન મક્કા ખૂબ જ સારી રીતે આ તફાવતને ભૂલીને બંને કામ કરી રહી છે સાથે ઘર પણ સંભાળે છે.


**પ્રેસનોટ** 16 / Jan - 1 - A to 16 / Dec - 31 - E, dated 01.01.2016 to 31.12.2016, ઉપરોક્ત તમામ દસ્તાવેજ આ પ્રેસનોટ ના દિવસ 30 પછી નાશ કરી દેવામાં આવશે. આ દસ્તાવેજો નાશ કર્યા પછી, કોઈપણ દાવાઓ પર ધ્યાન રાખવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.

**આદિત્ય બિરલા હોસ્પિટલ – વેરાવળ**


## વિક્રમ સંવત 2081ની પ્રથમ પૂર્ણિમાએ દ્વારકામાં દર્શનાર્થીનો મહેરામણ





દ્વારકા યાત્રાધામમાં દર મહિને હજારો ભાવિકો પૂનમ ભરવા આવતા હોય છે. તેમાં પણ આજરોજ હાલમાં શરૂ થયેલ વિક્રમ સંવત ૨૦૮૧ની સૌપ્રથમ પૂર્ણિમા એટલે કે કારતક પૂર્ણિમાનું સ્નાન, ઠાકોરજીના દર્શન કરવા હજારો ભાવિકો વહેલી સવારથી જ છપ્પન સીડીએ સ્વર્ગ દ્વારેથી જગતમંદિર પ્રવેશી કાળિયા ઠાકોરજીના દર્શન કર્યા હતા. ભાવિકો ઠાકોરજીના દિવ્ય દર્શન નિહાળી ભાવવિભોર થયા હતા. મંદિર વહેલી સવારે છ વાગ્યે ખુલ્યા હોય પવિત્ર ગોમતી સ્નાન બાદ ઠાકોરજીના દિવ્ય દર્શન નિહાળવાની પરંપરા અનુસાર હજારો ભાવિકો ઉમટ્યા હતા. (અંકિત સામાણી)

# તાલાલાની ખાંડ ફેક્ટરી 30 વર્ષ ભાડા પટ્ટે આપવા સામાન્ય સભાએ આપી મંજૂરી

## સંસ્થાનું રૂ.41 કરોડ પૈકીનું રૂ.21 કરોડનું લેણુ બેંકે માફ કર્યુ : એકાદ વર્ષમાં ચાલુ થઇ જશે



ખાંડ ફેક્ટરીની સામાન્ય સભા મળી. (સરદારસિંહ ચૌહાણ)

તાલાલા: તાલાલા પંથકની જીવાદોરી સમાન એવી ૧૨ વર્ષથી બંધ ખાંડ ફેક્ટરી ફરી ધમધમતી થશે. તાલાલા ખાંડ ફેક્ટરીના ખેડૂત સભાસદોની સંસ્થાના પ્રમુખ ભીમશીભાઈ બામરોટીયાનાં અધ્યક્ષસ્થાને તથા સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય ભગવાનભાઈ બારડની ઉપસ્થિતિમાં મળી હતી. સાધારણ સભાએ સંસ્થા ઇન્ડિયન પોટાશ લિમી.કંપનીને ૩૦ વર્ષના ભાડા પટ્ટે આપવા સર્વાનુમતે મંજૂરી આપતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે.

સાધારણ સભામાં સંસ્થાના ચેરમેન ભીમશીભાઈ બામરોટીયાએ જણાવ્યું હતું કે બેંક્ના દેવા પૈકી રૂ.૨૧ કરોડનું દેવું બેંક્ની માફી યોજના પ્રમાણે માફ કરવામાં આવ્યું છે.બાકી રહેતું સંસ્થા ઉપરનું અંદાજીત રૂ.૩૭ કરોડનું કરજ આઈ.પી.એલ.કંપની ભરપાઈ કરશે.એક વર્ષમાં સંસ્થા ધમધમતી થશે.પરિણામે આ વિસ્તારના લોકોને રોજગારી મળશે અને તાલાલા વિસ્તારની છીનવાઈ ગયેલ રોનક ફરી પાછી આવી જશે.

ધારાસભ્ય ભગવાનભાઈ બારડે જણાવ્યું હતું કે બે વર્ષના સૌના સહિયારા પ્રયાસથી સંસ્થા ચાલું કરવામાં સફળતા મળી છે.સંસ્થા ભાડા પટ્ટે આપી છે તે કાર્યરત થશે. ફેક્ટરીની મંડળી યથાવત ચાલુ રહેશે. ફેક્ટરી આગામી દિવસોમાં ઈથેનોલ જેવા આધુનિક પ્લાન્ટ તૈયાર કરશે. સંસ્થાના કાર્યક્ષેત્રમાં આવતા તમાંમ વિસ્તારમાં વધુમાં વધુ શેરડીનું વાવેતર કરી ઈન્ડિયન પોટાશ લિમી.ને શેરડી આપવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે સાંસદ રાજેશભાઈ ચુડાસમા,સંસ્થાના વાઈસ ચેરમેન દેવજીભાઈ લક્કડ, જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પિઠીયા, આઈ.પી.એલ. કંપનીના કે.જે. જોષી તથા બેંક્ના અધિકારી રીઝવાન, ખેડૂત સભાસદો ઉપસ્થિત રહ્યા હતાં.

ખાંડ ફેક્ટરી પુનઃ ધમધમતી થવાનાં સમાચારને ચેમ્બર ઓફ કોમર્સે વધાવી ખુશી વ્યક્ત કરી છે. શહેર તથા પંથક્ના વેપાર ધંધામાં નોંધપાત્ર વધારો થશે,જેનો આ વિસ્તારના ખેડૂતોની સાથે સાથે વેપાર ધંધાને પણ લાભ પ્રાપ્ત થનાર હોય તાલાલા વિસ્તારના તમાંમ નાનાં મોટાં વેપારી ભાઈઓ વતી ચેમ્બર ઓફ કોમર્સે ફેક્ટરીના મેનેજમેન્ટ તથા આઈ. પી. એલ. કંપનીનો આભાર વ્યક્ત કર્યો હતો.

### શેરડી વેસ્ટમાંથી બેસ્ટ બનાવાશે

તાલાલા ખાંડ ફેક્ટરીમાં આધુનિક ટેકનોલોજીની મશીનરી મુકી શેરડીના વેસ્ટમાંથી બાય પ્રોડક્ટ બનાવવાનાં પ્રયાસો કરવામાં આવશે, તેમ આઈ.પી.એલ.કંપનીનાં અધિકારી ચૌધરીએ જણાવ્યું હતું. કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર ડો.પી.એસ. ગેહલોતનાં માર્ગદર્શન હેઠળ ૨૦૨૫ ની આખરમાં ફેક્ટરી ચાલુ કરવામાં આવશે.કંપની દ્વારા ખેડૂતોને નવી ટેકનોલોજીથી અવગત કરી વધુમાં વધુ ઉપજની શેરડી વાવેતર માટે બિયારણની ઉપયોગી સમજ આપવામાં આવશે.ભવિષ્યમાં ડ્રોન પદ્ધતિની ખેતીની પણ માહિતી તથા શેરડી કટીંગ માટે આધુનિક સાધનના ઉપયોગ માટે કંપનીએ આયોજન ગોઠવ્યું છે.

## કુતિયાણાના ટીંબીનેશમાં જુગાર રમતા 6ની ધરપકડ

પોરબંદર, તા.૧૫: કુતિયાણાના ટીંબીનેશમાં યુવાને તેના ઘરમાં જ જુગારનો અડ્ડો શરૂ કરતા પોલીસે દરોડો પાડ્યો હતો. ક્રાઇમ બ્રાંચની ટીમને બાતમી મળી હતી કે, ટીંબી નેશમાં રહેતા કરશન ગોગન શામળા નામના યુવાને તેના મકાનમાં જુગારનો અડ્ડો શરૂ કર્યો છે. જેના આધારે દરોડા પાડવામાં આવતા કરશન ઉપરાંત ડૈયર ગામના રમેશ નાથા છૈયા, અમર ગામની દળની સીમમાં રહેતા બાલુ વિરમ દાસા, કુતિયાણાના રબારી કેડામાં રહેતા પરબત ડાયા રાડા, રાણાકંડોરણાના પુંજાપરા ધારમાં રહેતા દેવા પુંજા ગરચર અને દેવડા ગામે કાદીનેશમાં રહેતા અરજન ગલા રાડાને પકડીને ૩૯ હજારની રોકડ તથા એક પાથરણુ પોલીસે કબજે કર્યા હતા.

# જામનગર મનપાની સ્ટે.કમિટી દ્વારા 18 કરોડના વિકાસ કાર્યને બહાલી

■ ડોર ટુ ડોર કચરા એકત્રીકરણ, રસ્તા સહિતના કામનો સમાવેશ



જામનગર મનપાની સ્ટે. કમિટીની બેઠક. (મુકેશ જોઈશર)

જામનગરઃ જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા શહેરના વોર્ડ નં. ૧ થી ૮માંથી ડોર- ટુ-ડોર કચરો બંધ બોડીના વાહનોમાં લઈને નિકાલ કરવાના કામનો કોન્ટ્રાક્ટ રૂ. ૧૨ કરોડ સહિત કુલ રૂ. ૧૮.૫૫ કરોડના વિકાસ-નિભાવ કાર્યોને બહાલી આપવામાં આવી છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરાના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં શહેરમાં અલગ- અલગ વિસ્તારમાં ડામર રોડના પેચવર્ક અને રીકાર્પેટીંગના કામ માટે રૂ. ૩.૫૫ કરોડના ખર્ચને, સોનલનગર અને ગાંધીનગરમાં નંદઘરની કમ્પાઉન્ડ વોલ પેટે રૂ. ૧૩.૩૦ લાખના, ગુજરાત સ્થાપના દિન-૨૦૨૩ની ગ્રાન્ટમાંથી આ બંને નંદઘરના આંગણામાં રૂ. ૧૪.૫૦ લાખના ખર્ચે સીસી બ્લોક અને પેવર બ્લોકના કામના ખર્ચને, ૨૦૨૪-૨૫ દરમિયાન વિવિધ કંપની દ્વારા ખોદાયેલા રોડના ચરેડા પુરવા રૂ. ૧.૧૪ કરોડના ખર્ચને, ગુલાબનગરમાં દયાનંદ સોસાયટીમાં કમ્પાઉન્ડ વોલ સાથે કોમ્યુનિટી હોલ બનાવવા રૂ. ૧૪.૫૩ લાખના ખર્ચને, શહેરના વોટર વર્કસ વિભાગના ઝોન-૨માં રૂ. ૨૩.૨૩ લાખના ખર્ચે ડીઆઈ પાઈપલાઈન નાંખવાના ખર્ચને, વોટર વર્કસ વિભાગમાં પાઈપ સહિતની સામગ્રીની ખરીદી માટે રૂ. ૯૫.૮૮ લાખના ખર્ચને, ધુંવાવ ગામના બ્રીજ પાસે જૂની ૧૧૦૦ મી.મી. અને ૭૦૦ મી.મી. ડાયામીટરની લાઈન બદલવાના રૂ. ૨૪.૯૫ લાખના ખર્ચને અને ઓડિટર દ્વારા મુકાયેલા વર્ષ ૨૦૨૩-૨૪ના રિપોર્ટને બહાલી આપવામાં આવી હતી.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરાએ જણાવ્યું હતું કે. ડોર-ટુ- ડોર કચરો લેવા તેમજ પોઈન્ટ ઉપરથી કચરો લેવાના આગામી સમયમાં થનારા નવા ટેન્ડર પહેલા રાજ્યની અન્ય મહાનગરપાલિકાની સિસ્ટમની વિગતો મંગાવીને નવી શરતો સાથે ટેન્ડર તૈયાર કરવામાં આવશે.

## જામનગરમાં ત્રણ આવાસ યોજનાના નવનિર્માણ માટે 70 કરોડના ટેન્ડર પ્રસિદ્ધ

જામનગર, તા.૧૫: જામનગર શહેરમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના ભૂતકાળમાં બનેલા ઘણાખરા આવાસો અને મકાનો ખખડધજ અને ગમે ત્યારે તૂટી પડે તેવી હાલતમાં છે અને તે પૈકી કેટલીક જગ્યાએ તો મકાન ખાલી પણ કરી દેવામાં આવ્યા છે. આવા મકાનો પૈકી રણજીતનગર સ્થિત ૬૦ એલઆઈજી સી લાઈનના આવાસો માટે રૂ.૧૦,૯,૩૫,૬૦૦ પી.પી. ધોરણે રિ-ડેવલોપમેન્ટનું રિ-ટેન્ડરીંગ કરવામાં આવ્યું છે. તેવી જ રીતે સાધના કોલોની સ્થિત એલઆઈજી ૩૨૪ માટે રૂ.૩૩,૫૫,૮૧,૮૩૨નું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. તે ઉપરાંત જામનગરના ગાંધીનગર વિસ્તારમાં આવેલા શાસ્ત્રીનગર (મચ્છરનગર)માં આવેલા ૧૪૪+૪૮+૨૪+૨૪ માટે રૂ.૨૮,૬૬,૨૫,૯૫૨નું ટેન્ડર મળી કુલ ત્રણ સાઈટના ટેન્ડરો આજે બહાર પાડવામાં આવ્યા છે. જો કે, ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા પી.પી.ધોરણે રિ-ડેવલોપમેન્ટ કરવા માટે આ ટેન્ડરીંગ કરવા માટે આ સાતમો પ્રયાસ કરવામાં આવ્યો છે. એટલે જોવું રહ્યું કે આ વખતે આ ટેન્ડરો માટે રિ-ડેવલોપમેન્ટ મળે છે કે કેમ?


**લેક્સસ ગ્રેનિટો (ઈન્ડિયા) લિમિટેડ**

રજી.કચેરી. સર્વે નં.૮૦૦, લખધીરપુર ગામ સામે, લખધીરપુર રોડ, ને.હા. ૮એ, તા.મોરબી, લખધીરપુર, રાજકોટ. જીજે ૩૬૩૬૪૨ ઈન. CIN: L26914GJ2008PLC053838

ફોન: +૯૧ ૭૫૬૭૫૦૦૧૧૦ ઈમેઈલ: cs@lexustile.com વેબસાઈટ: www.lexustile.com

**૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૪નાં પૂરા થયેલા અર્ધવાર્ષિક ઓડિટ થયા વિનાના નાણાકીય પરિણામો**

(રૂ. લાખમાં ઈપીએસ સિવાય)

| ક્રમ નં. | વિગત | નાણાકીય પરિણામો: ત્રિમાસિક 30-૯-૨૦૨૪ (ઓડિટ વિના) | ત્રિમાસિક 30-૬-૨૦૨૪ (ઓડિટ વિના) | ત્રિમાસિક 30-૯-૨૦૨૩ (ઓડિટ વિના) | અર્ધવાર્ષિક 30-૯-૨૦૨૪ (ઓડિટ વિના) | અર્ધવાર્ષિક 30-૯-૨૦૨૩ (ઓડિટ વિના) | પૂર્ણ વર્ષ ૩૧-૩-૨૦૨૪ (ઓડિટ થયેલ) |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | કામગીરીની કુલ આવક | ૧૭૫૩.૭૭ | ૧૭૭૯.૭૬ | ૩૨૨૨.૨૭ | ૩૫૩૩.૫૩ | ૬૩૮૯.૮૮ | ૧૧૮૫૧.૧૦ |
| ૨. | ચોખ્ખો નફો /(નુકસાન) સમયગાળો (ટેક્સ, વૈકલ્પિક અને/અથવા અસાધારણ આઈટમ પહેલા) | - ૧૯૮.૫૮ | -૩૮૬.૮૭ | -૯૨.૨૬ | -૫૮૫.૪૫ | - ૪૨૪.૩૬ | -૧૫૫૫.૭૭ |
| ૩. | ચોખ્ખો નફો/(નુકશાન) ટેક્સ પૂર્વે સમયગાળો (વૈકલ્પિક અને/અથવા અસાધારણ આઈટમો પછી) | -૧૯૮.૫૮ | -૩૮૬.૮૭ | -૯૨.૨૬ | -૫૮૫.૪૫ | -૪૨૪.૩૬ | -૧૫૯૨.૪૦ |
| ૪. | ચોખ્ખો નફો (નુકસાન) ટેક્સ પછી સમયગાળો (વૈકલ્પિક અને/અથવા અસાધારણ આઈટમો પછી) | ૧૮૭.૨૮ | -૩૭૬.૨૪ | -૧૦૬.૭૯ | -૫૬૩.૫૨ | -૪૫૩.૬૦ | -૧૬૫૭.૯૪ |
| ૫. | સમયગાળાની કુલ વ્યાપક આવક | ૧.૪૩ | ૪.૨૭ | ૩.૯૫ | ૫.૭૦ | ૬.૦૪ | ૧૮.૦૩ |
| ૬. | ભરપાઈ થયેલી ઈક્વીટી શેર મૂડી (ફેસ વેલ્યુ રૂ.૧૦ પ્રત્યક શેર દીઠ) | ૨૦૧૯.૦૭ | ૨૦૧૯.૦૭ | ૧૯૧૯.૦૭ | ૨૦૧૯.૦૭ | ૧૯૧૯.૦૭ | ૨૦૧૯.૦૭ |
| ૭. | શેરદીઠ આવક (ફેસવેલ્યુ રૂ.૧૦ પ્રત્યેક) | -૦.૯૩ | -૧.૮૬ | -૦.૫૬ | -૨.૭૯ | -૨.૩૬ | -૮.૪૪ |
| | મૂળભૂત (ત્રિમાસિક માટે વાર્ષિક નહી) | -૦.૯૩ | -૧.૮૬ | -૦.૫૬ | -૨.૭૯ | -૨.૩૬ | -૮.૪૪ |
| | મિશ્રિત ( ત્રિમાસિક માટે વાર્ષિક નહીં) | -૦.૯૩ | -૧.૮૬ | -૦.૫૬ | -૨.૭૯ | -૨.૩૬ | -૮.૪૪ |

નોંધ:
(૧) ઉક્ત ઓડિટ વિનાનાં નાણાકીય પરિણામો ઓડિટ કમિટીએ તપાસ્યા બાદ માન્ય કરેલ છે, જેની કંપનીનાં બોર્ડ ડિરેક્ટરોએ ૧૪ નવેમ્બર, ૨૦૨૪ને ગુરુવારે મળેલી સભામાં નોંધ લીધી છે.
(૨) ઉક્ત પરિણામો સ્ટોક એક્સચેન્જમાં ઓડિટ થયા વિનાનાં વિગતવાર નમૂનામાં સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ) નિયમો, ૨૦૧૫નાં નિયમ ૩૩ અન્વયે નોંધ લીધી છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪નાં પૂરા થયેલ ઓડિટ વિના અર્ધવાર્ષિક નાણાકીય પરિણામોનો સંપૂર્ણ નમૂનો તથા કાયદેસર ઓડિટરનાં લિમિટેડ રિવ્યૂ અહેવાલ કંપનીની વેબસાઈટ www.lexustile.com તથા નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ www.nseindia.com ઉપર ઉપલબ્ધ છે.

તારીખ: ૧૫-૧૧-૨૦૨૪
સ્થળ: મોરબી

લેક્સસ ગ્રેનિટો (ઈન્ડિયા) લિમિટેડ વતી
સહી/- અનિલકુમાર બાબુલાલ દેત્રોજા
ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર - DIN: 03078203


# ગિરનાર પરિક્રમામાં રાજકોટની મોબાઇલ ચોર ગેંગના 4 પકડાયા

## 1.95 લાખની કિંમતના 21 મોબાઇલ કબજે



જૂનાગઢ, તા.૧૫: ગિરનારની પરિક્રમા કરવા આવેલા યાત્રાળુઓના મોબાઇલ ચોરી કરતી રાજકોટની ગેંગના ૪ ઇસમની પોલીસે ધરપકડ કરી ૨૧ મોબાઇલ કબજે કર્યા હતા.

મોબાઇલ ચોરીની ફરિયાદો ઉઠતા પોલીસ હરકતમાં આવી હતી. જૂનાગઢ ક્રાઇમ બ્રાંચે મોબાઇલ ચોરી કરતી ગેંગના સની ભીખુ દોલા કારોલિયા, રાજુ ઉર્ફે બુચો ભરત દોલા, રમેશ ડુટ્ટો, દલા જગા સોલંકી, અને દુદા ઉર્ફે ભાટીયો ભુપત રાજુ સોલંકી (તમામ રહે. રાજકોટ)ની રૂ.૧.૯૫ લાખના ૨૧ મોબાઇલ સાથે ધરપકડ કરી હતી.


ફૂલછાબ **CHANGE OF NAME** ₹900/- + GST (Fix Size : 5x1) 99240 51718

**CHANGE IN NAME**
I THE UNDERSIGNED **ANDARPA NARMADA PRABHULAL** HEREBY DECLARES THAT I HAVE CHANGED MY NAME FROM **ANDARPA NARMADABEN PRABHUDAS** TO **ANDARPA NARMADA PRABHULAL** AND NOW ONWARDS I WILL BE KNOWN AS **ANDARPA NARMADA PRABHULAL**
**ANDARPA NARMADA PRABHULAL**
Add. Flat No. 201, Monika Appartment, Opp. Jogers Park Colony, Jamnagar - 361002.

**CHANGE OF NAME**
I THE UNDERSIGNED **ANAND JAGDISHBHAI GADHIYA** HERE BY DECLARES THAT I HAVE CHANGED MY NAME FROM **ANAND JAGDISH** TO **ANAND JAGDISHBHAI GADHIYA** AND FROM NOW ONWARDS I WILL BE KNOWN AS **ANAND JAGDISHBHAI GADHIYA.**
**ANAND JAGDISHBHAI GADHIYA**
DT. 16/11/2024, RAJKOT.

**નામ બદલાવેલ છે**
આથી હું ભરતભાઈ જેઠાભાઈ ભંડેરી જાહેર કરૂં છું કે મારૂં નામ ભરતકુમાર જેઠાલાલ ભંડેરી છે તેના બદલે હું મારૂં નામ ભરતભાઈ જેઠાભાઈ ભંડેરી રાખું છું, આથી હું હવેથી ભરતભાઈ જેઠાભાઈ ભંડેરી તરીકે ઓળખાઈશ. જામનગર.

**CHANGE OF NAME**
I THE UNDERSIGNED **GHORECHA DAXESH BHARTBHAI** HERE BY DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM **GHORECHA DAXESH BHARATKUMAR** to **GHORECHA DAXESH BHARATBHAI.** NOW ONWARDS I WOULD BE KNOWN AS **GHORECHA DAXESH BHARATBHAI**
**RESI.- RAJKOT**

**CHANGE OF NAME**
I Undersigned **NAYANBHAI JAYANTIBHAI VAGHASIYA** here by Declare That I have Changed My Name From **NAYANKUMAR JAYANTILAL VAGHASIA** To **NAYANBHAI JAYANTIBHAI VAGHASIYA.** Now Onwards I would Be Known As **NAYANBHAI JAYANTIBHAI VAGHASIYA.**
PLACE : DHORAJI DT. : 16.11.2024
NAYANBHAI JAYANTIBHAI VAGHASIYA

**નામ બદલાવેલ છે**
આથી હું જાગૃતિબેન ભરતભાઈ ભંડેરી જાહેર કરૂં છું કે મારૂં નામ જાગૃતિ ભરતકુમાર ભંડેરી છે તેના બદલે હું મારૂં નામ જાગૃતિબેન ભરતભાઈ ભંડેરી રાખું છું, આથી હું હવેથી જાગૃતિબેન ભરતભાઈ ભંડેરી તરીકે ઓળખાઈશ. જામનગર.

**નર્સિંગ કોલેજમાં પ્રવેશ માટે છેલ્લી તક...**

પ.પૂજ્ય શ્રી ભકિતજીવન દાસજી સ્વામીના ૯૨માં જન્મ જયંતિ પ્રસંગે નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરવા માટે સૌરાષ્ટ્ર પટેલ સમાજની દિકરીઓને રૂા.૮૪,૦૦૦ થી રૂા. ૧,૦૫,૦૦૦ સુધીની વાર્ષિક સ્કોલરશીપ...



પ. પૂજ્ય શાસ્ત્રી શ્રી ભકિતજીવન દાસજી સ્વામી

**A.N.M. નર્સિંગ** ધો.૧૨ સામાન્ય પ્રવાહ પછી ૨ વર્ષ
**G.N.M. નર્સિંગ** ધો.૧૨ સામાન્ય પ્રવાહ અંગ્રેજી સાથે પછી ૩ વર્ષ
**B.Sc. નર્સિંગ** ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ સાથે ૪ વર્ષ

| ક્રમ | નર્સિંગ કોર્ષ | ફી રેગ્યુલેટરી કમિટીએ નક્કી કરેલ ફી રૂા. | દાતાઓ તરફથી સ્કોલરશીપ રૂા. | વાલીએ ભરવાની ફી રૂા. | સરકાર તરફથી ફુડ અને EBC સ્કોલરશીપ રૂા. | વર્ષના અંતે વાલીને થતો કુલ ખર્ચ રૂા. |
|---|---|---|---|---|---|---|
| 1 | A.N.M. | 1,07,000/- | 64,000/- | 43,000/- | 20,000/- | 23,000/- |
| 2 | G.N.M. | 1,27,000/- | 76,000/- | 51,000/- | 20,000/- | 31,000/- |
| 3 | B.Sc.(N) | 1,41,000/- | 85,000/- | 56,000/- | 20,000/- | 36,000/- |

અરજણભાઈ એલ.રામાણી (ટ્રસ્ટી) મો. ૯૪૨૬૯ ૬૧૧૩૨ / ૯૯૨૭૨ ૦૩૮૫૫ | શ્રી અનિલ મેથ્યુ (પ્રિન્સીપાલ) મો. ૯૯૭૪૫ ૬૩૧૫૫ | ડો.પંકજભાઈ કોટડીયા (ટ્રસ્ટી) મો. ૯૮૨૫૫ ૦૩૬૩૦ | દિનેશભાઈ બાંભણીયા પાટીદાર શૈક્ષણિક ભવન - જસદણ. મો. ૯૯૧૩૫ ૮૭૯૮૭

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ**

Nothing like Voting, I vote for sure.

भारत निर्वाचन आयोग
Election Commission of India

તા. ૨૯ ઓક્ટોબર થી ૨૮ નવેમ્બર ૨૦૨૪

આપનું નામ ૧લી જાન્યુઆરી, ૧લી એપ્રિલ, ૧લી જુલાઈ અને ૧લી ઓક્ટોબર-૨૦૨૫ના દિવસે ૧૮ વર્ષ પૂરા થતા હશે ત્યારે આપનું નામ મતદારયાદીમાં દાખલ થઈ શકશે

મુખ્ય અરજી પત્રકો :
- નવા મતદાર માટે - ફોર્મ ૬
- વિદેશમાં વસતા ભારતીય દ્વારા મતદારયાદીમાં નોંધણી માટે - ફોર્મ ૬A
- મતદાર ઓળખકાર્ડ સાથે આધાર લિંક કરાવવા - ફોર્મ ૬B
- મતદારયાદી માંથી નામ કમી કરવા - ફોર્મ ૭
- મતદારયાદીમાં સરનામું/વિગતો બદલવા માટે - ફોર્મ ૮

ખાસ ઝુંબેશના દિવસો : ૧૭, ૨૩, અને ૨૪ નવેમ્બર ૨૦૨૪

આ દિવસોમાં તમારા મતદાન મથકની મુલાકાત લો.

અરજી કરવા Voter Helpline app અથવા www.voters.eci.gov.in પર Log in કરો

અહીં સ્કેન કરો અથવા રુબરૂ મુલાકાત લો.
- કલેક્ટર કચેરી
- મામલતદાર કચેરી
- મતદાર નોંધણી અધિકારીની કચેરી
- બૂથ લેવલ ઓફિસર (BLO)

મુખ્ય નિર્વાચન અધિકારી,ગુજરાત
www.ceo.gujarat.gov.in
૧૯૫૦ હેલ્પલાઇન પર સંપર્ક કરો (કામકાજના સમય દરમ્યાન)

માહિતી/૧૫૦૪/૨૦૨૪/૨૫